# 70% ઉદ્યોગ સાહસિકોએ વ્યવસાય યોજના બદલી, નોકરી છોડી સ્ટાર્ટઅપ શરૂ કર્યા

## ગુજરાતના આશરે 45 ટકા ઉદ્યોગ સાહસિકોએ બિઝનેસની નવી તકો અજમાવી / 22.5 ટકાએ કોરોના મહામારી સમયમાં ઓનલાઇન ટ્રેડિંગમાં કામગીરી વધારી

બિજલ નવલખા | અમદાવાદ

ગુજરાતીઓના લોહીમાં ધંધો વણાયેલો હોવાની લોકપ્રિય કહેવત્તને કોવિડ મહામારીએ અર્થપૂર્ણ બનાવી છે. ક્યાંય પાછા ન પડે તેવા ગુજરાતી ઉદ્યોગ સાહસિકોએ કોવિડમાં ખોટ કરતો બિઝનેસ ડાયવર્ટ કરી આવક રળી છે. તો કેટલાક યુવાનોએ નોકરી છોડી નાના-મોટા સ્ટાર્ટઅપ્સ શરૂ કર્યા છે. પ્રાથમિક અને જીવન જરૂરિયાત સેવાઓ સિવાયના તમામ સેક્ટર્સમાં આર્થિક ઉપાર્જન લોકડાઉનમાં લગભગ શૂન્ય બનતાં અંદાજિત 70 ટકા ઉદ્યોગ સાહસિકોએ પોતાની વ્યવસાયિક યોજનાઓ બદલી હોવાનું જાણવા મળ્યું છે. હોસ્પિટાલિટી, ઈવેન્ટ-ફિલ્મ ઈન્ડસ્ટ્રી, તેમજ બી2બી બિઝનેસ ધરાવતાં ગુજરાતી ઉદ્યોગકારોએ પોતાના બિઝનેસ ગૃહ ઉદ્યોગ, બી2સી, તેમજ યુનિક આઈડિયા ધરાવતા સ્ટાર્ટઅપ્સમાં ડાયવર્ટ કર્યા છે. ગુજરાતના 45 ટકા યુવાનોએ નોકરી છોડી નાના સ્ટાર્ટઅપ્સ શરૂ કર્યા છે. કોવિડ-19 મહામારીને કારણે મુશ્કેલીઓ વચ્ચે 82 ટકા લોકો તેને બિઝનેસ શરૂ કરવા માટે સારી તક માની રહ્યાં છે. બીજી બાજુ સરકારની આત્મનિર્ભર સહાયોએ સરળતાથી બિઝનેસ શરૂ કરવા મામલે 47 દેશોમાંથી ભારતને ત્રીજો ક્રમ હાંસિલ કરવામાં મદદ કરી છે.

### આત્મનિર્ભર સહાયથી બિઝનેસ શરૂ કરવા મામલે ભારત ત્રીજા ક્રમે



### નિષ્ફળતાનો ડર 1 ટકા વધ્યો

યુવા પેઢીમાં નિષ્ફળતાનો ડર 1 ટકા વધ્યો છે. 2019-20માં 56 ટકાથી વધી 2020-21માં 57% થયો છે. આંત્રપ્રિન્યોરશિપનો વિઝન ઈન્ડેક્સ 2019-20માં 33.3 ટકાથી ઘટીને 2020-21માં 20.31% થયો છે. 44% કુટુંબોની આવકને મહામારીથી મોટાપાયે અસર થઈ છે.

### ઈવેન્ટ ઈન્ડસ્ટ્રી બંધ થતાં ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો

કોવિડમાં કોર્પોરેટ ઈવેન્ટ ઈન્ડસ્ટ્રી બંધ થઈ છે. આવકો શૂન્ય થઈ હોવા છતાં બચતને ગૃહ ઉદ્યોગમાં ઈન્વેસ્ટ કરી સાહસ કરનારા દર્શિલ શાહે 2020માં માધવ ગૃહ ઉદ્યોગ શરૂ કર્યો હતો. જેને સારો એવો રિસ્પોન્સ મળ્યો છે.

### પેશનને પ્રોફેશનમાં કનવર્ટ કર્યો

છેલ્લા એક દાયકાથી કોર્પોરેટ ઈવેન્ટ કંપની ચલાવતા નિખિલ ઠાકુરે કોવિડની અસરથી બંધ બિઝનેસને પેઈન્ટિંગ કંપની શેડ્સઓન પેપરમાં કનવર્ટ કર્યો. પેઈન્ટિંગના પેશનને પ્રોફેશન બનાવી વેપાર વધાર્યો.

**ક્યાં ક્યાં સેગમેન્ટમાં બિઝનેસ ડાયવર્ટ કર્યાં**

એફએમસીજી, હોમ મેઈડ પ્રોડક્ટ્સ, હોલસેલમાંથી રિટેલ, ઓનલાઈન ગ્રોસરી-ફૂડ ડિલિવરી, ખાણી-પીણી...

### ઉદ્યોગ સાહસિકતા આર્થિક વૃદ્ધિને વેગ આપશે

*નાના-મોટા સ્ટાર્ટઅપ્સમાં વૃદ્ધિના કારણે રોજગારીની તકો વધવાની સંભાવના છે. સામાજિક-આર્થિક પડકારો વચ્ચે ઉદ્યોગ સાહસિકોની વધતી સંખ્યા આર્થિક વૃદ્ધિને વેગ આપશે. બિઝનેસને તાળા મારવાના બદલે ડાયવર્ટ કરી કમાણી કરવાનુ વિઝન યુવાનોના જુસ્સામાં વધારો કરશે.* » ડો. સુનિલ શુક્લા, ડિરેક્ટર જનરલ, ઈડીઆઈઆઈ

### યુનિકનેસ સાથે રેસ્ટોરન્ટ બિઝનેસ ડાયવર્ટ કર્યો

*રેસ્ટોરન્ટ્સ, વેડીંગ, અને ઈવેન્ટ પ્લાનરનો સ્થાપિત બિઝનેસ કોવિડના કારણે પડી ભાંગ્યો હતો. પરિણામે બિઝનેસ રિયલ એસ્ટેટ સેગમેન્ટમાં ડાયવર્ટ કર્યો હતો. જો કે, તેમણે વર્તમાન માગને ધ્યાનમાં રાખતાં રિયાલ્ટીના માર્કેટિંગ અને બ્રાન્ડિંગ પર ફોકસ કર્યું છે. વિકએન્ડમાં લોકોને ગામડાની પારંપારિક જીવન શૈલી જીવવાની તક આપતો ધ વિલેજ વર્લ્ડ કોન્સેપ્ટ પણ લોન્ચ કરવા જઈ રહ્યાં છે.* » રાહુલ ઘીયા, ફાઉન્ડર, ઓરેન્જ ડોર